# હર્ષનાં પંખી મિત્રો



નાનો અમથો હર્ષ. જતાં-આવતાં પંખીઓ જોવાની તેને ખૂબ મજા પડે. તેમની નાની-નાની આંખો, સુંદર પાંખો અને ટહુકા સાંભળી તે ખુશ ખુશ થઈ જતો. મોર જોવા મળે તો એ ગાંડો ગાંડો થઈ જતો.

એક દિવસ તે મમરા ખાતો ઘરના આંગણામાં બેઠો હતો. એવામાં ઠેકડા ભરતાં ચીં ચીં કરતાં ચકલીબેન તેની ખૂબ જ નજીક આવીને બેઠાં. તેણે ધીમે રહીને થોડા મમરા ચકલી આગળ નાખ્યા. ચકલી તેની નાની નાની ચાંચથી ચપ ચપ મમરા ખાવા લાગી. હર્ષ આનંદવિભોર બની ગયો. તે ચકલીને ધારીધારીને જોવા લાગ્યો. મમરા ખાઈ ચકલી ફરરર કરતી ઉડતી ગઈ.

હજી ત્યાં મમરા પડેલા જ હતા અને હર્ષે પણ નાખ્યા. કાબર કલબલ કલબલ કરતી ઝડપભેર આવી અને મમરા ખાવા લાગી. ઠેકડા ભરતી કલબલ કરતી અને મમરા ખાતી કાબરને જોઈ હર્ષના આનંદમાં વધારો થયો. વાહ ! ચકલીબેન આવ્યાં, કાબરબેનને મોકલ્યાં. હવે તો બીજાં પંખી પણ...

એવામાં એક કબૂતર આવીને બેઠું. તે નજીક આવતું ન હતું. બાજુવાળાં બહેન જુવારના દાણા નાખતાં અને કબૂતરનું ટોળું આવીને ચણવા લાગતું. હર્ષ ઘણી વખત જોતો. ઘરમાં જુવાર હતી જ. તે ઝટપટ જઈને ખોબો ભરીને જુવારના દાણા લઈ આવ્યો અને આંગણામાં વેર્યા. જોતજોતામાં એક પછી એક આવીને કબૂતરોનું ટોળું બની ગયું અને દાણા ચણવા લાગ્યું.

હર્ષ રોજ આંગણામાં મમરા નાંખે, જુવાર નાંખે. ચકલી, કબૂતર અને કાબર ચણવા આવે. પાંખોનો ફડફડાટ અને તેમની બોલી આંગણાને ભરી દે. ધીરે ધીરે ચકલી, કાબર અને કબૂતર હર્ષનાં મિત્રો બની ગયાં. એક દિવસ બુલબુલ પણ આવ્યું. મધુર અવાજે ગાવા લાગ્યું. પછી તો બીજાં પંખીઓ પણ આવવા લાગ્યાં. હર્ષ આનંદમાં રહેવા વાગ્યો.

હર્ષે એક દિવસ બધાં પંખીઓને કહ્યું, "તમે મારા સાચા મિત્રો છો. તમે રોજ આવો છો તે મને ખૂબ ગમે છે. તમારા માટે ચણ સાથે પાણીની પણ વ્યવસ્થા કરી છે." હર્ષે માટીના વાસણમાં ચોખ્ખું પાણી પણ ભરી દીધું.

પંખીઓ થેંક યુ... થેંક યુ... કહેતાં હર્ષની નજીક આવ્યાં. દાણા ખાવા લાગ્યાં. અને વાતો કરવા લાગ્યાં. ચકલીએ ધીમે રહીને કહ્યું. " હર્ષભાઈ આવતીકાલથી પોપટ પણ આવવાનો છે. તમારે લીલાં લીલાં તાજાં મરચાં તેમના માટે લાવવાં પડશે." "ભલે ભલે એ પણ થઈ જશે." કહી હર્ષ હસી પડ્યો. બધાં પંખીઓએ દાણા ખાધા, મમરા ખાધા અને પાણી પીધું. પછી હર્ષનો આભાર માની ફરર ફરર કરતાં ઊડી ગયાં.

રોજ રોજ નવાં નવાં પંખીઓ આવવા લાગ્યાં. હર્ષનાં માતાપિતા પણ હર્ષનો પંખીપ્રેમ જોઈ આનંદમાં આવી ગયાં. એવામાં પોપટ આવ્યો. લીલો લીલો પોપટ, લાલ ચાંચ અને કંઠે કાળો કાંઠલો. હર્ષ ધારીધારીને જોવા લાગ્યો. તેને તાજાં તાજાં લીલા મરચાં ખાવા આપ્યાં.

પોપટે ધરાઈને લીલાં મરચાં ખાધાં. એક દિવસ મોર અને ઢેલ પણ આવી ચડ્યાં. હર્ષે તો આનંદમાં આવીને ઝૂમી ઊઠ્યો.

હર્ષના આંગણામાં રોજ સવારે પંખીઓનો મેળો ભરાવા લાગ્યો. જાતજાતનાં પંખીઓ દાણા-ચણે, પાણી પીએ અને કલરવ કરી મૂકે. ધીરે ધીરે આ વાત હર્ષની શાળાના વિદ્યાર્થીઓ અને તેના મિત્રોએ જાણી.

બીજે દિવસે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને હર્ષના મિત્રો જોવા માટે આવ્યા. હર્ષ પંખીઓ વચ્ચે ઘેરાયેલો હતો. તે પંખીઓને દાણા નાખતો હતો. પંખીઓ ચણતાં હતાં. આંગણામાં કલરવ અને પંખીઓનો ફફડાટ ફેલાઈ ગયો હતો. મોર અને ઢેલ પણ આવ્યાં હતાં. હર્ષે બધાંને પ્રણામ કર્યા. પંખીઓની ઓળખ કરાવી. તેના શિક્ષકો, મિત્રો અને શાળાના વિદ્યાર્થીઓ પણ આનંદમાં આવી ગયા.

લેખક – ફિલિપ ક્લાર્ક

('ભાવિક પરિષદ' – સપ્ટેમ્બર)